# INDIA INFRASPACE LIMITED

**CIN:** L45201GJ1995PLC024895
**Regd. Office:** 701, Sarap Building, Opp. Navjeevan Press, Ashram Road, Ahmedabad-380014, Gujarat, India.
**Phone:** 079-27544003, **Fax:** 079-27543815, **E-mail:** investorindiainfraspace@gmail.com

Date: 15th August, 2023

To,
Corporate Relationship Department,
BSE Limited
Phioze Jeejeebhoy Tower,
Dalal Street,
Mumbai – 400 001

**Security Code:** 531343
**Security ID:** INDINFRA

**Subject-Intimation under Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015**

Dear Sir/Ma'am,

In terms of Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed copy of newspaper advertisement published in English daily newspaper (Sunvilla Samachar) and one daily newspaper (Sunvilla Samachar) in Gujarat language of the region, where the registered office of the company is situated for extract of Unaudited Standalone and Consolidated Financial Results for the Quarter ended June 30, 2023.

Kindly take this information on record.

Yours faithfully

**For, India Infraspace Limited**

PRADIP BABULAL SHAH
Digitally signed by PRADIP BABULAL SHAH
Date: 2023.08.15 10:38:43 +05'30'

______________________

**Pradip B. Shah**
**Managing Director**
**DIN: 00297120**

**Encl: as above**

# અમી ઓર્ગેનિક્સ લિમિટેડની Q1FY24માં કામગીરીમાંથી આવક ૮.૭ ટકા વધી

**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૪**

અમી ઓર્ગેનિક્સ લિમિટેડે (AMI) આજે ૩૦ જૂન, ૨૦૨૩ના રોજ સમાપ્ત થયેલા ત્રિમાસિકના નાણાંકીય પરિણામોની ઘોષણા કરી છે.અમી ઓર્ગેનિક્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને એક્ઝિક્યુટિવ ચેરમેન શ્રીમાન નરેશ પટેલે રિઝલ્ટ વિશે જણાવ્યું કે, "મને અત્યંત આનંદ થાય છે કે અમે કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં ડિફ્લેશનરી પ્રાઈસિંગના માહોલના પગલે ત્રિમાસિક દરમિયાન સતત વૃદ્ધિ કરવામાં સક્ષમ રહ્યા છીએ. અમારી કામકાજમાંથી આવક (ઓપરેશન્સ ઈન્કમ) ૯ ટકા વધીને રૂ. ૧૪૨ કરોડ થઈ છે. આ વૃદ્ધિને એડવાન્સ ફાર્માસ્યુટિકલ ઈન્ટરમીડિયેટ બિઝનેસમાં સ્થિર પરિપેક્ષ્ય સાથે સ્પેશિયાલિટી કેમિકલ્સ બિઝનેસમાં મજબૂત ગતિ દ્વારા આગળ ધપાવી હતી. આ સેગમેન્ટ મુજબ, મારું માનવું છું કે, એડવાન્સ ઈન્ટરમીડિયેટ બિઝનેસ Q2FY24થી મજબૂત રીતે રિકવર થશે તેમજ અમે Q2FY24 દરમિયાન સ્પેશિયાલિટી કેમિકલ્સ સેગમેન્ટમાં નવી પ્રોડક્ટનું વ્યાવસાયીકરણ કરીશું જે સેગમેન્ટની વૃદ્ધિને વધુ વેગ આપશે.અમે ઈલેક્ટ્રોલાઈટ બિઝનેસ અંગે કેટલાક ગ્રાહકો સાથે કરાર પર હસ્તાક્ષર કરવાની ખૂબ નજીક છીએ અને અમે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા પછી તેની વિગતો જાહેર કરીશું. હું ઉલ્લેખ કરવા ઈચ્છીશુ કે, આવા કોન્ટ્રેક્ટ્સની સાઈઝ જેની અમે ગ્રાહકો સાથે ચર્ચા કરી રહ્યા છીએ તે અમારી ધારણાની સરખામણીએ ઘણી મોટી છે.આમ કુલ મળીને મારું માનવું છું કે, બાહ્ય માહોલ પડકારજનક હોવા છતાં, અમે વર્ષ દરમિયાન મજબૂત માર્જિન સાથે મજબૂત વૃદ્ધિ હાંસલ કરવાનો વિશ્વાસ ધરાવીએ છીએ. ."

# રોકાણકારો સાવધાન

**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૪**

એક્સચેન્જના ધ્યાન ઉપર આવ્યું છે કે "હિડન ટ્રેડર" નામની કંપની સાથે સંકળાયેલા "વિનય રમેશ મૂન" નામના વ્યક્તિ મોબાઈલ નંબર "૮૦૦૭૦૨૩૩૧૧" દ્વારા ઓપરેટ કરીને શેરમાર્કેટમાં રોકાણ ઉપર ખાતરીપૂર્વક વળતર અને ટ્રેડિંગ માટે સિક્યુરિટીઝ માર્કેટ ટિપ્સ આપી રહ્યાંછે તેમજ તેઓ રોકાણકારોને તેમના ક્રેડેન્શિયલ શેર કરવાનું કહીને તેમના ટ્રેડિંગ એકાઉન્ટનું સંચાલન કરવાની ઓફર કરી રહ્યાં છે.રોકાણકારોને ચેતવણી અને સલાહ આપવામાં આવે છે કે શેરબજારમાં સૂચક/ખાતરી પૂર્વકના/ગેરંટેડ વળતર આપતી કોઈપણ વ્યક્તિ દ્વારાઓફર કરવામાં આવતી આવી કોઈપણ સ્કીમ/પ્રોડક્ટ સબ્સ્ક્રાઈબ ન કરવી કારણ કે તે કાયદા દ્વારા પ્રતિબંધિત છે. વધુમાં રોકાણકારોનેતેમના યુઝર આઈડી/પાસવર્ડ જેવી ટ્રેડિંગ ક્રેડેન્શિયલ કોઈપણ વ્યક્તિ સાથે શેર ન કરવા સલાહ આપવામાં આવે છે. અત્રે એ પણ નોંધનીયછે કે આ વ્યક્તિ/કંપની નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડના કોઈપણ રજિસ્ટર્ડ સદસ્યના સભ્ય અથવા અધિકૃત વ્યક્તિ તરીકેનોંધાયેલી નથી. એક્સચેન્જે તેની વેબસાઈટ પર https://www.nseindia.com/invest/find-a-stock-broker લિંક હેઠળ "નો/લોકેટ યોર સ્ટોક બ્રોકર" ની સુવિધા પૂરી પાડી છે, જેથી નોંધાયેલા સભ્ય અને અધિકૃત વ્યક્તિઓની વિગતો તપાસી શકાય. વધુમાં, એક્સચેન્જમાં ટ્રેડિંગ સભ્યો દ્વારા જાહેર કરાયેલા રોકાણકારો પાસેથી નાણાં મેળવવા/ચુકવવા માટે ક્લાયન્ટ બેંક એકાઉન્ટ તરીકે નામ આપવામાં આવેલ નિયુક્ત બેંક ખાતાઓ પણ ઉપરોક્ત લિંક હેઠળ પ્રદર્શિત થાય છે. કોઈપણ એન્ટિટી સાથે વ્યવહાર કરતી વખતે રોકાણકારોને વિગતો તપાસવાની સલાહ આપવામાં આવે છે. આવી પ્રતિબંધિત સ્કીમોમાં ભાગ લેવો રોકાણકારના પોતાના જોખમ, ખર્ચ અને પરિણામો ઉપર છે કારણ કે આવી સ્કીમને એક્સચેન્જ દ્વારા ન તો મંજૂર કરવામાં આવે છે કે ન તો તેને સમર્થન આપવામાં આવે છે.

## અવાડા ગ્રૂપના ચેરમેન વિનીત મિત્તલે ભારતના ૭૬માં સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે 'હર ઘર તિરંગા' કેમ્પેઈન



અવાડા ગ્રૂપના ચેરમેન વિનીત મિત્તલે ભારતના ૭૬માં સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે 'હર ઘર તિરંગા' કેમ્પેઈનની ભાવનાના પ્રતિકરૂપે તેમના નિવાસસ્થાનને ત્રિરંગાથી પ્રકાશિત કર્યું હતું. દેશભક્તિની ભાવના પ્રદર્શિત કરતાં ગ્રીન એનર્જી સેક્ટરમાં અગ્રણી કંપની અવાડા ગ્રૂપના ચેરમેન વિનીત મિત્તલે તેમના નિવાસસ્થાનને તિરંગાથી શણગાર્યું હતું. તે હર ઘર તિરંગા પહેલને અનુરૂપ હતું, જે ભારતના ૭૬માં સ્વાતંત્ર્ય દિવસના અવસરે લાખો લોકોની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. એકજૂટતાનું આ પ્રતિક સમૃદ્ધ ભારત માટે આપણા સહિયારા ઈતિહાસ, બલિદાન અને સપનાના સારને સમાવિષ્ટ કરે છે. અવાડા ગ્રૂપે તાજેતરમાં બ્રુકફિલ્ડ વેન્ચર્સ સાથે ૧.૩ અબજ ડોલરના સૌથી મોટા ડીકાર્બનાઈઝેશન રાઉન્ડને પૂર્ણ કર્યો છે.

# ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝે ડિજિટલ કેમ્પેન ફિલ્મ #AsYouWishIndia રજૂ કરી

**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૪**

ભારતનાં અગ્રણી બિઝનેસ મહાકાય જૂથ ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝે ભારતના ૭૬મા સ્વતંત્રતા દિવસ પ્રસંગે ડિજિટલ કેમ્પેન ફિલ્મ #AsYouWishIndia રજૂ કરી હતી. આ કેમ્પેનનો હેતુ ભારતની ક્રાંતિની સાથે સાથે ગોદરેજ જૂથની નોંધપાત્ર યાત્રા રજૂ કરવાનો છે અને સલામતી, આશ્રય, અન્ન, નાણાકીય સહાય, વિશ્વાસ અને બીજું ઘણું બધું પૂરું પાડતી વૈવિધ્યસભર આવશ્યક પ્રોડક્ટસ દ્વારા કરોડો લોકોનાં જીવનને ઉન્નત બનાવવાની અતૂટ પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે. ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝની કોર્પોરેટ બ્રાન્ડ અને કમ્યુનિકેશન્સ ટીમ અને ક્રિએટિવલેન્ડ એશિયાની સંકલ્પના દ્વારા નિર્મિત અને અમલી કરાયેલી આ ફિલ્મ વિવિધ બિઝનેસ વર્ટિકલ્સનાં એકીકરણ અને મજબૂત તથા સ્વનિર્ભર ભારતનાં નિર્માણની દિશામાં ગ્રૂપનાં સહિયારા વિઝનને પ્રદર્શિત કરે છે. #AsYouWishIndia કેમ્પેન દાયકાઓથી ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ પર વિશ્વાસ મૂકનાર અને પોતાના દૈનિક જીવનમાં ગોદરેજની પ્રોડક્ટ્સ સામેલ કરનાર કરોડો ગ્રાહકો પ્રત્યેની કાવ્યાત્મક પ્રસ્તુતિ છે.

# એથર દ્વારા તેનો નવો પ્રોડક્ટ પોર્ટફોલિયો રજૂ કરાયો



**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૪**

ભારતની અગ્રણી ઈલેક્ટ્રિક સ્કૂટર ઉત્પાદક એથર એનર્જી દ્વારા આજે સંપૂર્ણ નવા પ્રોડક્ટ પોર્ટફોલિયોની ઘોષણા કરી છે, જે કંપનીના બેસ્ટ-સેલિંગ ૪૫૦ મંચ પર નિર્માણ પામ્યોછે. નવી રજૂ કરાયેલી 450S અને નવીનતમ 450X ઉદ્યોગમાં આજ સુધી જોવા મળ્યું નથી તેવી નવી સુરક્ષા અને પરફોર્મન્સ વિશિષ્ટતાઓથી સમૃદ્ધ છે, જેમાં બારતનું સૌપ્રથમ ડીપવ્યુ ડિસ્પ્લે નવી 450Sમાં તેનું પદાર્પણ કરશે. એથર એનર્જીના સહ-સ્થાપક અને સીઈઓ તરુણ મહેતાએ જણાવ્યું હતું કે, "અમારા નવા પોર્ટફોલિયોના આજે લોન્ચ સાથે અમે અલગ અલગ કિંમતના સેગમેન્ટમાં ૪૫૦ મંચ પર ત્રણ પ્રોડક્ટો ધરાવીએ છીએ. આને કારણે અમે વધુ ખરીદદારો સુધી પહોંચી શકીશું. અમારો નવીનતમ પ્રવેશ સ્તરીય પ્રકાર 450S અનોખું ડીપવ્યુ ડિસ્પ્લે ડેશબોર્ડ ઓફર કરીને ૧૨૫છ૬ પરફોર્મન્સ સ્કૂટર સેગમેન્ટમાં નવી પહેલ કરે છે અને અગાઉ ક્યારેય નહીં જોઈ હોય તેવી ઘણી બધી નાવીન્યપૂર્ણ વિશિષ્ટતાઓ ધરાવે છે. 450S નોંધનીય રીતે પરફોર્મન્સમાં ખરી ઊતરવા સાથે રાઈડિંગની ખુશી અને સુરક્ષાની દ્રષ્ટિએ નવી ઊંચાઈ સર કરે છે. 450S ઈલેક્ટ્રિક સેગમેન્ટમાં પ્રવેશ કરવા માગતા પરંતુ પહોંચક્ષમ કિંમતે એથર સ્કૂટરો પૂરી પાડે તે ગુણવત્તા અને બાંયધરી ચાહતા બધાને આકર્ષશે. 450S સાથે અમે ૩ઉર અનેજાઉરમાં 450X પણ રજૂ કરી છે, જે અમારા બેસ્ટ સેલિંગ સ્કૂટર મંચ પરથી પસંદગી કરવા માટે અમારા ગ્રાહકોને વધુ વિકલ્પો પૂરા પાડે છે. 450S બેટરી ક્ષમતા ૨.૯ kWh સાથે આવે છે, ઉપરાંત ૧૧૫ કિમીની આઈડીસી રેન્જ, ૩.૯ સેકંડનું ૦-૪૦ એક્સિલરેશન અને પ્રતિકલાક ૯૦ કિમીની ટોપ સ્પીડનો સમાવેશ થાયછે. વાહનમાં ઘણા બધા નવા ફેરફાર કરાયા છે, જેમાં ડીપવ્યુ ડિસ્પ્લે, નવું સ્વિચગિયર, ફોલસેફન, ઈમરજન્સી સ્ટોપ સિગ્નલ (ઈએસએસ) અને કોસ્ટિંગ રીજનનો સમાવેશ થાય છે.

## આફ્રિકાથી આવ્યો જૂનાગઢમાં રહેતા પિતાને ફોન

# દીકરાને બચાવવો હોય તો ૮૦ લાખ રૂપિયા આપો

**સનવિલા ન્યુઝ, જૂનાગઢ, તા.૧૪**

**» ફરહાનના પિતા મુનાફ પરમારને ૨૬ જૂન ૨૦૨૩ ના રોજ ફરહાનનાં મોબાઇલ પરથી જ ફોન કરી ને ધમકી મળી હતી**

માંગરોળનો એક યુવાન સાડા ચાર વર્ષથી આફ્રિકાના કોંગોમાં નોકરી કરતો હતો. આ યુવાન આફ્રિકાના કોંગોમાં ફસાયો હોવાનો ફોન પરિવારજને આવ્યો હતો. અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને ફરહાનના પિતા પાસેથી ૮૦ લાખની માંગણી કરી હતી. જેથી પરિવારજનોએ માંગરોળ પોલીસને જાણ કરતા જૂનાગઢ પોલીસે મામલાની ગંભીરતા સમજી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો સંપર્ક કર્યો હતો. યુવકના જીવને જોખમ ન થાય તે માટે એમ્બેસીની મદદ માગી હતી. અંતે આ યુવક પરત પોતાના વતનમાં આવી જતા પરિવારજનો અને પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. ૧૧ ઓગસ્ટે ફરહાન પોતે હેમખેમ પરત આવતા પરિવારમાં ખુશી છવાઇ ગઇ હતી. જૂનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ આ અંગે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યુ કે, ફરહાનના પિતા પર અજાણી વ્યકિતનો ફોન અને પૈસાની માગણી કર્યાની જાણ પોલીસને થતા જ માંગરોળ પોલીસ સ્ટેશન, ડીવાયએસપી, તત્કાલીન એસપી અને રેન્જ આઈજીએ મામલાની ગંભીરતાને જોતા રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથે સંકલન કર્યું હતું. ત્યાં ફસાયેલા ફરહાનના જીવને જોખમ ન થાય તે માટે કાર્યવાહી શરૂ કરી હતી. અંતે ફરહાન ૧૧ ઓગસ્ટે તેના ઘરે પહોંચી ગયો છે. આ અંગે ફરહાનના પિતા મુનાફ પરમારને ૨૬ જૂન ૨૦૨૩ ના રોજ ફરહાનનાં મોબાઈલ પરથી જ ફોન કરી ને ધમકી મળી હતી. જેમા જણાવ્યુ હતુ કે, ફરહાનને ભારત આવવું હશે તો ૮૦ લાખ રૂપિયા આપવા પડશે.

## ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત

# ભાવનગરમાં જૂની અદાવતમાં બે જૂથ વચ્ચે અથડામણ

**સનવિલા ન્યુઝ, ભાવનગર, તા.૧૪**

ભાવનગરના કુંભારવાડાના રામદેવ નગર વિસ્તારમાં જૂથ અથડામણની ઘટના બની હતી. મળતી જાણકારી અનુસાર, શહેરના કુંભારવાડા રામદેવ નગર વિસ્તારમાં જૂની અદાવતમાં બે જૂથના લોકો વચ્ચે અથડામણ થઇ હતી. જેમાં મહિલા સહિતના ૧૦ વધુ લોકોને ઈજા પહોંચી હતી. વાસ્તવમાં બંન્ને જૂથના લોકો સમાધાન માટે એકઠા થયા હતા. પરંતુ કોઇ વાતને લઇને ઉગ્ર બોલાચાલી થઇ જતા મામલો બિચક્યો હતો અને બંન્ને જૂથ વચ્ચે અથડામણ થઇ હતી. હાલ તો ડી.ડિવિઝન પોલીસે સમગ્ર મામલ વધુ તપાસ શરૂ કરી હતી. ગયા મહિને ભાવનગરમાં પાલીતાણા તાલુકાના નવા લોહીચડા ગામે જૂથ અથડામણ થઇ હતી. ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા જઈ રહ્યા હતા એ દરમિયાન ઝઘડો કરવા આવેલ ટોળું હથિયારો સાથે તૂટી પડ્યું હતું. આ જૂથ અથડામણમાં સમજાવવા માટે વચ્ચે આવેલા મામા અને એમના પરિવાર ઉપર હુમલો કર્યો હતો. બંને પક્ષે ૧૦થી વધુ લોકોને ઈજા પહોંચી છે. જો કે ઝઘડાનું કારણ હજી સુધી બહાર આવ્યું નથી. હાલ તો પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આ પહેલા પણ ભાવનગરમાં જૂથ અથડામણની ઘટના ઘટી હતી, થોડા દિવસ પહેલા શહેરમાં બે જૂથો વચ્ચે જોરદાર મારામારીની ઘટના ઘટી હતી, હથિયારો લઇને સામ સામે આવેલા બે જૂથોના હૂમલામાં ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા, આ મામલે પોલીસે તપાસ હાથ ધરી હતી. ભાવનગર શહેરમાં દીપક ચોકમાં જોરદાર જૂથ અથડામણની ઘટના ઘટી હતી. અહીં જુગાર રમવાની વાતને લઇને ઝઘડો થયો હતો, ગેરકાયદે પ્રવૃત્તિ સાથે જુગાર રમવાની ના પાડતા મામલો બીચક્યો હતો અને બાદમાં મારામારી થઇ હતી.

## DJ સાથે એન્જોય કરો નિયોન પેઈન્ટ પાર્ટી

# અમદાવાદ શહેરમાં નિયોન પેઈન્ટ પાર્ટીની શરૂઆત કરવામાં આવી

**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૪**

શહેરમાં વિદેશી તહેવારોનો ક્રેઝ વધ્યો છે. અમદાવાદમાં પણ હવે વિદેશી તહેવારો અને પાર્ટીઓ થવા લાગી છે. યુકેમાં એક લોકપ્રિય પાર્ટી છે, જેને નિયોન પેઈન્ટ પાર્ટી તરીકે ઓળખવામાં આવે છે, જેમાં ડીજેના સંગીતનો આનંદ માણતા લોકો નિયોન રંગો સાથે હોળી રમે છે અને અંધારામાં રેડિયમની જેમ ચમકતા હોય છે. આ પાર્ટી યુકેમાં અઠવાડિયામાં ૨થી ૩ વખત યોજાય છે અને હવે તે અમદાવાદ પહોંચી ગઈ છે. અમદાવાદમાં તાજેતરમાં પ્રથમ વખત નિયોન પેઈન્ટ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાર્ટીનું આયોજન વડોદરાના રહેવાસી સૂર્યસ્નાતા મિશ્રા દ્વારા કરવામાં આવ્યું હતું, જેઓ શેડ્સ ઓફ જોય કંપનીના માલિક છે. તેઓએ શરૂઆતમાં વડોદરામાં એક નિયોન પેન્ટ પાર્ટીનું આયોજન કર્યું હતું, જેને સ્થાનિક લોકોએ ખૂબ આવકાર આપ્યો હતો. આ સફળતાએ તેમણે અમદાવાદમાં કાર્યક્રમનું આયોજન કરવા માટે પ્રેરિત કર્યા હતા, લોકોએ આ પાર્ટીની ખૂબ પ્રશંસા પણ કરી છે. નિયોન પેઈન્ટ પાર્ટી દરમિયાન, વ્યક્તિઓ ઉત્સાહપૂર્વક ડીજેના તાલ પર નૃત્ય કરે છે, અને એકબીજાને નિયોન પેઈન્ટથી શણગારે છે. આ પેઈન્ટ શરીર માટે હાનિકારક નથી. આ ઈવેન્ટનું મહત્વ એ છે કે, લોકો દુનિયાને ભૂલીને કલાક બે કલાક પોતાના માટે જીવે છે, અને સ્ટ્રેસ રિલીઝ કરી તણાવમુક્ત થાય છે. અમદાવાદમાં આ પાર્ટીમાં આશરે ૩૦૦ વ્યક્તિઓએ હાજરી આપી હતી. નિયોન પેઈન્ટ પાર્ટીમાં માત્ર યુવાનો જ નહીં, પરંતુ બાળકોથી લઈને પુખ્ત વયના તમામ વયના લોકો આનંદથી જોડાયા હતા.

# APM ટર્મિનલ્સ પિપાવાવ VLGC કામગીરી શરૂ કરીને LPGની આયાત માટે વ્યૂહાત્મક પ્રવેશદ્વાર બન્યું

**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૪**

એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ પર આ મહિનાના પ્રારંભમાં એમટી જેગ વિરાટ પ્રથમ વાર લાંગર્યું હતું. આ સાથે પોર્ટે વેરી લાર્જ ગેસ કેરિયર કામગીરી શરૂ કરીને મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. ગ્રેટ ઈસ્ટર્ન શિપિંગ કંપનીની માલિકીનું એમટી જેગ વિરાટ જહાજ છે, જે ૨૩ મીટર લંબાઈ, ૩૭ મીટર બીમ, ૮.૨ મીટર એરાઈવલ ડ્રાફ્ટ અને ૪૭,૨૬૦ મેટ્રિક ટન ડિસ્પ્લેસમેન્ટ ધરાવે છે. VLGC જહાજ એમટી જેગ વિરાટે સાસ, ADNOC રિફાઈનરી જેટ્ટીથી કાર્ગો લોડ કર્યો હતો અને પોર્ટ પિપાવાવ ખાતે ૨૧,૯૦૭ મેટ્રિક ટન પાર્સલ ડિસ્ચાર્જ કર્યું હતું. આ માલ ત્રણ જાહેર એકમો- ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ, ઈન્ડિયનઓઈલ કોર્પોરેશન લિમિટેડ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડને સપ્લાય કરવા માટે હતો. ભારતમાં અગાઉએલપીજીની આયાત માટે મિડીયમ ગેસ કેરિયર શિપ્સનો ઉપયોગ થતો હતો પણ હવે વેરી લાર્જ ગેસ કેરિયરજહાજોનો ઉપયોગ થાય છે ત્યારે એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ ખાતે હેન્ડલિંગ ક્ષમતા ખૂબ મહત્વની બની જાય છે, જેમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓતેમની એલપીજી આયાત કાર્યક્ષમ અને સલામત રીતે કરી શકે છે. જહાજ લાંગરવા પ્રસંગે એપીએમ ટર્મિનલ્સ પિપાવાવના એમડી ગિરિશ અગરવાલે જણાવ્યું હતું કે, "એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ પોર્ટ ખાતે પ્રથમ ફન્ન્ઝ જહાજને આવકારતા અમે ગર્વ અનુભવીએ છીએ. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાને કારણે ઘરગથ્થુ ઈંધણ તરીકે એલપીજીનો ઉપયોગ વધી રહ્યો હોવાથી એલપીજીની માંગ વધી રહી છે. આ પગલું અમારા માનવંતા ગ્રાહકોને વિશ્વકક્ષાનું માળખું અને સેવાઓ પૂરી પાડવાની અમારી અમારી અતૂટ પ્રતિબધ્ધતા વ્યક્ત કરે છે. VLGC લાંગરી શકેતેવી સુવિધા શરૂ થવાથી અમને કદનાં લાભ મેળવવા માટે મોટી પાર્સલ સાઈઝ સાથેનાં મોટાં જહાજો લાવવામાં મદદરૂપ સાબિત થશે. આ ઉપરાંત, અમારાં DFC પાલન કરતાં એલપીજી રેક પર્યાવરણ માટે સાનુકુળ ટ્રેન કનેક્ટિવિટી દ્વારા દેશનાં અંતરિયાળ વિસ્તારોમાં એલપીજી કાર્ગોનાં વિતરણમાં મદદ કરે છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં અમારાં વર્તમાન રોકાણ દ્વારા ભારતનાં ઊર્જા ક્ષેત્રની વૃધ્ધિમાં પ્રદાન કરવા અમે આતુર છીએ."

# ચાઈના લસણ આવતા વેપારીઓએ કર્યો બહિષ્કાર

**સનવિલા ન્યુઝ, જામનગર, તા.૧૪**

હાલ રાજ્યમાં ટામેટા બાદ લસણનો ભાવ આસમાને પહોંચ્યો છે. ત્યારે જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડના એક વિવાદે ભારે ચર્ચા જગાવી છે. જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં ચાઈનાનું લસણ વેચાવા આવ્યું છે. જે બાદ માર્કેટિંગ યાર્ડમાં ચાઈનાના લસણનો વેપારીઓએ વિરોધ કર્યો છે. વેપારીઓને જાણ થતાં ચાઈનાનું પ્રતિબંધિત લસણ પરત મોકલવામાં આવ્યું છે. અંદાજિત સવા લાખના લસણની ખરીદી ન કરીને વેપારીઓએ વિરોધ નોંધાવ્યો હતો. ઉપરાંત દેશના ખેડૂતોને નુકસાન વેઠવાનો વારો ન આવે તે માટે સરકારને પણ તકેદારી રાખવાની અપીલ કરી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, જામનગર હાપા માર્કેટ યાર્ડમાં ચાઈનાના લસણનો ૫૦ ગુણી જેટલો માલ પરત મોકલવામાં આવ્યો છે. ચાઈનાનું લસણ પ્રતિબંધ હોવા છતાં વેચાણ માટે જામનગરના હાપા યાર્ડમાં ચાઈના લસણ આવ્યું હતું. બાદમાં વેપારીઓને ધ્યાને આવતા હરાજીનો વિરોધ દર્શાવી લસણ પરત કરવામાં આવ્યું. આપને જણાવીએ કે, ભારતમાં ચાઈનાના લસણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ચાઈના દ્વારા આ લસણને દુબઈ મારફતે ફ્રી ડ્યુટીથી ભારતમાં ઘૂસેડવામાં આવી રહ્યું છે અને મુંબઈ ખાતેથી ભારતના જુદા જુદા વિસ્તારોમાં અને યાર્ડ ખાતે આ ચાઈના લસણનું વેચાણ કરવા મોકલી આપવામાં આવી રહ્યું છે. ગુજરાતના મોટાભાગના યાર્ડ દ્વારા પ્રતિબંધિત આ ચાઈના લસણને પરત મોકલવામાં આવી રહ્યું છે.


# INDIA INFRASPACE LIMITED

**CIN:** L45201GJ1995PLC024895
**Regd. Office:** 701, Sarap Building, Opp. Navjeevan Press, Ashram Road, Ahmedabad-380014, Gujarat, India.
**Phone:** 079-27544003, **Fax:** 079-27543815, **E-mail:** investorindiainfraspace@gmail.com

EXTRACT OF AUDITED/UNAUDITED CONSOLIDATED FINACIAL RESULTS FOR THE QUARTER ENDED 30th JUNE, 2023

**(Rs. in Lacs except per share data)**

| Sr. No. | Particulars | Quarter Ended | | | Year ended |
|---|---|---|---|---|---|
| | | 30/06/2023 Unaudited | 31/03/2023 Audited | 30/06/2022 Unaudited | 31.03.2023 (Audited) |
| 1. | Total Income From Operations | 1.88 | (0.30) | 80.00 | 83.70 |
| 2. | Net Profit for the period (before Tax, Exceptional and/or Extraordinary item) | 0.66 | (1.38) | 79.57 | 13.80 |
| 3. | Net Profit for the period before Tax (after Exceptional and/or Extraordinary item) | 0.66 | (83.13) | 79.57 | (67.95) |
| 4. | Net Profit for the period after Tax (after Exceptional and/or Extraordinary item) | 0.66 | (83.13) | 79.57 | (67.95) |
| 5. | Total Comprehensive income for the period [Comprising profit for the period (after tax) and other comprehensive Income (after tax) | 0.66 | (83.13) | 79.57 | (67.95) |
| 6. | Equity Share Capital | 280.00 | 280.00 | 280.00 | 280.00 |
| 7. | Earnings Per Share (of Rs.10/-each) (for continuing and discontinuing operations) | | | | |
| | 1. Basic | 0.02 | (2.97) | 2.84 | (2.43) |
| | 2. Diluted | 0.02 | (2.97) | 2.84 | (2.43) |

Notes:
1. The results were reviewed by the Audit Committee and approved by the Board of Directors at their meetings held on August 14, 2023.
2. Information on Standalone Financial Results are as follows:

(Rs. in Lacs except per share data)

| Particulars | 30/06/2023 Unaudited | 31/03/2023 Audited | 30/06/2022 Unaudited | 31.03.2023 (Audited) |
|---|---|---|---|---|
| Total Income (continuing operation) | 1.88 | (0.35) | 0.00 | 3.65 |
| Profit / (Loss) before tax from continuing operation | 0.66 | (5.64) | (1.00) | (2.12) |
| Profit / (Loss) after tax from continuing operation | 0.66 | (5.64) | (1.00) | (2.12) |
| Profit / (Loss) before tax from discontinued operation | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| Profit / (Loss) after tax from discontinued operation | 0.00 | 0.00 | 0.00 | 0.00 |

3. The above is an extract of the detailed format of the Standalone and Consolidated Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.The full format of the Standalone and Consolidated Financial Results are available on the websites of the Stock Exchange (www.bseindia.com) and on the Company's website (www.indiainfraspace.com)

Place: Ahmedabad
Date: 14thAugust, 2023

For, India Infraspace Limited
SD/-
Pradip Babulal Shah
Managing Director
DIN: 00297120


## ઈસ્કોન બ્રિજ અકસ્માત મામલો

# ૨૪ ઓગસ્ટના પિતા-પુત્રને અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં રજૂ કરશે

**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૪**

ઈસ્કોન બ્રિજ અકસ્માતમાં ૯ લોકોને કચડી નાખનાર તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલે મેડિકલ જામીન માટે અરજી કરી હતી, જેના પર આજે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી છે. પ્રજ્ઞેશ પટેલને કોર્ટ લાવવામાં આવ્યો છે. આજની સુનાવણીમાં કેસ સેશન્સ કમિટ થયો છે. સુરક્ષાને ધ્યાને લઈને કોર્ટમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે તેમજ તથ્ય પટેલને પણ કોર્ટમાં લાવવામાં આવ્યો છે. કોર્ટ રૂમમાં પ્રજ્ઞેશ પટેલ, તથ્ય પટેલ અને તેમના વકીલ સોમનાથ વત્સ વચ્ચે ચર્ચા ચાલી રહી છે. જજે તથ્ય અને પ્રજ્ઞેશને કોઈ ફરિયાદ કે રજૂઆત છે એમ પૂછતાં જવાબ નામાં આપ્યો હતો. પિતા-પુત્ર સાથે વાતો કરતા જોવા મળ્યા છે. સેશન્સ કમિટ થતાં તથ્યના વકીલે પ્રોક્ષી ભરી હતી. ૨૪ ઓગસ્ટે અમદાવાદ ગ્રામ્ય કોર્ટની સેશન્સ કોર્ટમાં કાર્યવાહી શરૂ થશે. ૨૪ ઓગસ્ટે તથ્ય અને પ્રગ્નેશ પટેલ બંનેને રજુ કરશે.આજે તથ્ય પટેલ અને પ્રજ્ઞેશ પટેલને નિયમ મુજબ કોર્ટમાં ઉપસ્થિત કરવામાં આવ્યા હતાં. આજે રજા જેવો માહોલ હોવાથી પોલીસે ચુસ્ત જાપ્તામાં બંને આરોપીને કોર્ટમાં લાવી હતી. બંને પિતા-પુત્રએ આજે કોર્ટ રૂમમાં એકબીજા સાથે વાત કરી હતી. પિતાએ પુત્રને આશ્વાસન આપ્યું હતું. તેમજ આરોપીઓએ કોર્ટમાં તેમના વકીલ સોમનાથ વત્સ સાથે વાત કરી હતી.ઉલ્લેખનીય છે કે, આ કેસમાં નિસાર વૈદ્ય, ભદ્રેશ રાજુ અને જલ ઉનવાલા બાદ સોમનાથ વત્સ આરોપી પક્ષે કેસ લડી રહ્યા છે. આજે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં આવેલી સેશન્સ કોર્ટમાં આ કેસ ચલાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી. હવે ૨૪ ઓગસ્ટે અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં આ કાર્યવાહી શરૂ થશે. જ્યારે બંને આરોપીઓને કોર્ટમાં ઉપસ્થિત રખાશે.

# ભૂસ્ખલનમાં મૃત્યુ પામેલા ૪ની અંતિમ યાત્રા નીકળી

**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૪**

ઉત્તરાખંડમાં કેદારનાથ જતા ભૂસ્ખલનના કારણે દુર્ઘટનામાં અમદાવાદના ત્રણ સહિત ચાર યુવકોના મૃત્યુ થયા હતા. આજે સવારે ત્રણેય યુવકોના મૃતદેહ અમદાવાદ ખાતે લાવવામાં આવ્યા હતા. મૃતક મહેશ દેસાઈ અને કુશલ સુથારની આજે સવારે અંતિમયાત્રા કાઢવામાં આવી હતી. જમાલપુર સ્મશાન ખાતે બંનેની અંતિમવિધિ કરવામાં આવી હતી. મૃતક મહેશ દેસાઈ જીગર મોદીના ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા. પરંતુ બંને વચ્ચે શેઠ અને કર્મચારી કરતા મિત્રોના સંબંધ વધારે હતા. ૧૨માંથી ૫ જ્યોતિર્લિંગના દર્શન કરવા પોતાની ગાડી લઈને જ ગયા હતા. હરિદ્વારથી કેદારનાથ જતી વખતે પોતાની ગાડી તેઓએ નીચે હરિદ્વાર મૂકી દીધી હતી અને લોકલ ટેક્સી ભાડે કરી અને કેદારનાથ જવા નીકળ્યા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી.મૃતક મહેશભાઈ દેસાઈના પરિવારજન દિનેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, મહેશભાઈ જીગરભાઈના ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા. બંને વચ્ચે શેઠ અને ડ્રાઈવર કરતા મિત્રતાના સંબંધ વધારે હતા. છેલ્લા ૮-૧૦ વર્ષથી બંને ખૂબ સારા મિત્ર હતા. જીગરભાઈને બાર જ્યોતિર્લિંગ દર્શન કરવાની બાધા હતી. જેમાંથી પાંચ જ્યોતિર્લિંગના દર્શન પૂર્ણ કર્યા હતા અને હવે તેઓ છઠ્ઠા જ્યોતિર્લિંગના દર્શન કરવા માટે સોમવારે નીકળ્યા હતા. બુધવારે તેઓ હરિદ્વાર ખાતે પહોંચ્યા હતા બુધવારે ત્યાં વરસાદ ખૂબ જ હતો. જેથી તેઓ બુધવારની જગ્યાએ ગુરુવારે જવાનું નક્કી કર્યું હતું.દિનેશભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, ગુરુવારે ત્યાં હોટલમાં જ પોતાની ગાડી મૂકી દીધી હતી. ત્યાંથી લોકલ ટેક્સી ભાડે કરીને જીગરભાઈ, મહેશભાઈ કુશલ અને અન્ય એક મિત્ર સાથે તેઓ કેદારનાથ જવા માટે નીકળ્યા હતા. ત્યારે હરિદ્વારથી ૫૦ કિલોમીટર દૂર ફાટા પાસે આવી દુઃખદ ઘટના બની હતી.

## સ્વતંત્ર દિનઃ ઝી ટીવીના કલાકારો જણાવે છે કે

# કેવી રીતે ભારતના જવાબદાર નાગરીક બનવું મહત્વપૂર્ણ છે



**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૪**

સ્વતંત્ર દિનએ દર વર્ષે ૧૫મી ઓગષ્ટના રોજ ઉજવવામાં આવે છે, આ દિવસે ૧૯૪૭માં ભારત એ બ્રિટીશ સામ્રાજ્યથી આઝાદી મેળવી હતી, તો આ દિવસે જાહેર રજા રાખવામાં આવે છે. ૭૬માં સ્વતંત્ર દિન નિમિતે, ઝી ટીવીના કલાકારો, જેવા કે, ભાગ્ય લક્ષ્મીનો મોહિત મલ્હોત્રા, રબ સે હૈં દુઆનો કરણવીર શર્મા, મીતની આશી સિંઘ, કુમકુમ ભાગ્યનો અભિષેક મલિક, પ્યાર કા પહેલા અધ્યાય શિવશક્તિનો અર્જુન બિજલાની, પ્યાર કા પહેલા નામ રાધા મોહનની નીહારિકા રોય તથા મૈત્રીની ઈશિતા ગાંગુલી ભારતના એક જવાબદાર નાગરિક હોવા વિશે તેમના વિચારો જણાવે છે તથા આ દિવસની તેમની શ્રેષ્ઠ યાદો વર્ણવે છે. મોહિત મલ્હોત્રા, જે ઝી ટીવીના ભાગ્ય લક્ષ્મીમાં વિક્રાંતનું પાત્ર કરી રહ્યો છે તે કહે છે, "સ્વતંત્ર દિનએ એક રિમાઈન્ડર છે કે, સ્વતંત્રતા માત્ર એક શબ્દ નથી, પણ એક વારસો છે, જેને આપણી ભાવિ પેઢીઓને વળગી રહેવું તેનું રક્ષણ કરવું તથા તેને આગળ લઈ જવું જોઈએ. આપણે એ પણ સમજવું જોઈએ કે, આ માત્ર એક વિશેષાધિકાર નથી, પરંતુ એક મૂળભૂત અધિકાર છે, જે આપણને સમર્થ બનાવે છે. હું નાનો હતો ત્યારે, શાળામાં સ્વતંત્ર દિનની ઉજવણી બહુ મોટેપાયે થતી તો તેના માટે ખૂબ જ ઉત્સાહિત રહેતા. ધ્વજ વંદન, ડાન્સ પર્ફોર્મન્સ અને શાળાના અલગ-અલગ હાઉસ દ્વારા દેશભક્તિના ગીતો ગવાતા. આવી નાની-નાની ઉજવણીમાં ભાગ લેવામાં બહુ મજા આવતી. એક ગૌરવપૂર્ણ ભારતીય હોવાને નાતે, હું તેની સાથે આવતા દરેક મૂળભૂત અધિકારોનું પાલન કરું છું અને આપણે હવે જ્યારે આ દિવસની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ તો, જે લોકોએ સ્વતંત્રતા માટે લડી અને શહિદ થયા છે, તેમને ક્યારેય નહીં ભૂલીએ." કરણવીર શર્મા, જે ઝી ટીવીના રબ સે હૈં દુઆમાં હૈદરનું પાત્ર કરી રહ્યો છે તે કહે છે, "સ્વતંત્ર દિનની વાર્ષિક ઉજવણીએ મને આપણા હક અને આપણા જીવનમાં આઝાદીના મહત્વની યાદ અપાવે છે.

**Editorial**

# SUNVILLA SAMACHAR

## Does Congress Really Understand the Concept of 'Bharat Mata'?

In the monsoon session of Parliament, Congress leader Rahul Gandhi evoked the name of 'Bharat Mata' to target the ruling party over recent violence in Manipur. Though his remarks were expunged, this incident raises an important question. Does Congress really understand the concept of Bharat Mata, or is it merely political rhetoric? In this context, it would be pertinent to have a look at the concept of 'Bharat Mata' and how it is intrinsically linked to spiritual nationalism that forms the core of Bharat as a nation since the dawn of Hindu civilisation. Vedic literature explained Bharat's geography thousands of years ago: 'Uttaram yat samudrasya, Himadreshchaiv dakshinam, varsham tad bharatam nama, Bharatee yatra santatihi'. (The country that is north of the Sea and south of the Himalayas is known as 'Bharat' and its residents are known as 'Bharatiya'.) So, Bharat as a nation has existed for thousands of years and the rise of nationalism was equated with the love for your motherland here. Another ancient Sanskrit verse from our scriptures said. Thus, in Hindu civilisation, motherland was always deified as a manifestation of the divine much before the nationalism emerged in the West after the French revolution of 1789. That is why Marxist and Western framework isn't capable to understand Hindu nationalism and the concept of Bharat Mata. Those political leaders who follow these frameworks are bound to have a flawed understanding of Bharat, Bharat Mata and Hindu nationalism. In the recent times, it was Bankim Chandra Chatterjee who recreated an imagery of the motherland as a deity i.e. 'Bharat Mata', that gave a new impetus to spiritual nationalism from late 19th century under the British rule, Bankim Chandra Chatterjee (1838-1894) raised his voice against the foreign rule.

**- Kapilkumar M. Hirpara**
**Editor**

## 15 August, 77th Independence Day 2023, Theme, National Holiday, Har Ghar Tiranga, Happy Independence Day Best Wishes

Agency News : New Delhi




As we celebrate India's 77th Independence Day 2023 on August 15, it's a moment to reflect on our incredible journey as a nation. We're celebrating the spirit that has shaped our diverse land into a thriving democracy. This day is a tribute to the sacrifices of our ancestors and a reminder of the ideals that bring us together. Let's renew our commitment to a future filled with unity, growth, and prosperity. Join us in commemorating this historic occasion, honoring our past while embracing the promises of tomorrow. August 15th annually commemorates India's freedom from British colonial rule in 1947. The upcoming Independence Day 2023 marks the 77th celebration, where the Prime Minister raises the National Flag at Delhi's Red Fort. This day symbolizes the end of a challenging fight for freedom, led by iconic figures like Gandhi, Bhagat Singh, and Subhash Chandra Bose. It remains a pivotal moment in Indian history, honoring nonviolent civil disobedience and leadership. ndependence Day 2023, PM Narendra Modi will hoist the National Flag at the Red Fort, marking India's 77th Independence Day. He will also address the nation from this the nation's journey as it enters its 77th year of independence.

## Jio announces nationwide rollout of 5G-based connectivity using 26 GHZ mmWave spectrum

Agency News : Mumbai



Reliance Jio Infocomm Limited ("RJIL"), today announced that it has completed its minimum roll-out obligations in each of the 22 Licensed Service Areas ("LSA"), across each of the spectrum bands, ahead of time under the terms of the spectrum allocated to it on 17th August 2022. On 19th July 2023, RJIL had completed submission of the prescribed details towards completion of the Phase 1 minimum roll-out obligation with the Department of Telecommunications ("DoT") Units and by 11th August 2023, necessary DoT testing was completed in all circles. Jio had acquired a combination of low-band, mid-band and mmWave spectrum, which coupled with its deep fibre network and indigenous technology platforms, will enable Jio to provide 5G Everywhere and 5G For All (consumers and enterprises). Jio has the highest spectrum footprint. Jio also has 1,000 MHz in the millimetre wave band (26 GHz) in each of the 22 circles which will uniquely enable enterprise use cases as well as provide high-quality streaming services. Jio engineers have worked round the clock to ensure the fastest rollout of its True 5G network, making it the fastest 5G rollout of this scale in the world. This 77th Independence Day, Jio is celebrating 'Azadi ka Amrit Mahotsav' with a pan-India rollout of mmWave-based Jio True-5G business connectivity. Jio said it believes that the mmWave spectrum with the additional layer of Jio's True-5G benefits due to StandAlone deployment, is a critical differentiator enabling it to provide 5G-based business-connectivity of small, medium and large enterprises.

## Gujarat govt launches helpline for dialysis patients; Makes arrangements upto Taluka levels

Sunvilla News : Gandhinagar



Gujarat government today declared a helpline on numbers – 1800 233 1022 and 9059191905 – for patients who are in need of dialysis amidst the strike by nephrologist against dialysis of PMJAY beneficiary patients. Addressing media friends about the current situation of dialysis in the state, Additional Chief Secretary of Health and Family Welfare Department Manoj Agarwal said that the state government has allocated Rs. 1650 per dialysis and Rs. 300 round trip fare, thus total Rs. 1950 has been decided for per dialysis per patient. He added that according to the National Health Authority, the average amount given for dialysis in empaneled hospitals under PMJAY in other states of the country is Rs.1500. He further stated that the state government has made a well-planned measure so that not a single patient of the state should suffer while undergoing dialysis. Under the A-One Dialysis programme, the state government has commissioned a total of 272 free dialysis centers up to the taluka level. In addition, free dialysis services are also being provided in civil hospitals of the state. An average of 1 lakh dialysis per month is done at these centers in the state. The prevailing rates of dialysis at PMJAY Empaneled Hospital are higher than the average rates provided in other states of the country. Private doctors linked to Nephrology Association of Gujarat are on strike from today till August 16 for PMJAY scheme beneficiary patients, over government's move to reduce the rates for dialysis from Rs. 2,300 to Rs. 1,950 under PMJAY scheme (including Rs. 300 as transport allowance for patients). The rate of dialysis, the association is seeking is Rs 2,500, in which Rs 300 shall be the transport allowance for patients.

## Thanks to efforts by Gujarat Police, a youth rescued from abductors in Africa

Agency News : Junagadh



Gujarat Police have through their efforts rescued Farhan Parmar, a Gujarat-origin youth, from kidnappers in Africa. Farhan was held captive, and a demand of 80 lakhs was made to his Mangrol, Gujarat-based family for his release. However, the Junagadh Police collaborated with the Ministry of External Affairs and secured his release. Originally from Mangarol, Farhan Parmar had been working in Kinshasa, the capital of the Democratic Republic of the Congo, for four and a half years without encountering any issues. He had planned to return home in June after his prolonged stint abroad, a decision he had already shared with his family. However, amidst this anticipation, Farhan's father, Munaf Parmar, received a threatening phone call. Munaf was informed that his son, Farhan, was in the custody of kidnappers who demanded a ransom of Rs 80 lakh for his safe return. Alarmed by this distressing situation, Munaf sought assistance from the Junagadh police. Promptly, Junagadh Police Chief Harshad Mehta initiated communication with the Ministry of External Affairs. The police personnel from Mangarol Police Station, DySP, the former SP, and Range IG collectively coordinated with both state and central government authorities, recognizing the severity of the situation. Through their concerted efforts, the Junagadh police ultimately secured Farhan's release. On August 11, Farhan safely returned home. Farhan's father has thanked police and government in his talks with media persons.

## PM Modi to virtually address G20 Health track meeting in Gujarat



Sunvilla News : Gandhinagar

Prime Minister Narendrabhai Modi will virtually address the G20 health track meeting here in Gujarat on August 18. The Health track meeting is going to be held during 17-19 August. During this three-day event, a joint meeting of health and finance ministers of G20 nations will be held on August 19, in which dignitaries from Sri Lanka, Argentina, Laos, Nepal , Bhutan and Timor will remain present. An exhibition tour on WHO traditional medicine global summit, one earth one health advantage, healthcare India 2023 and India medtech expo 2023 themes shall be organized during the event.

## AMC puts lien on 3 closed mills for unpaid property taxes

Sunvilla News : Ahmedabad



The Amdavad Municipal Corporation (AMC) has placed a lien on three non-operational mills due to unpaid property taxes in the North and Central zones. These three unused mills namely, Jubilee Mills, Gujarat Textiles Mills Co. Ltd, and Commercial Ahmedabad Mills Co. Ltd have pending tax dues of Rs 26.6 crore, Rs 4.6 crore, and Rs 3.2 crore, respectively. Overall, the tax department has imposed liens on 133 properties. Among these, 60 properties are situated in the East zone, 33 are in the Central zone, 13 are in the South zone, 9 are in the North West zone, 8 are in the West zone, 6 are in the South West zone, and 4 are in the North zone. Jainik Vakil, Chairman of the AMC Revenue Committee, clarified that as the outstanding tax remains unpaid, Deputy Municipal Commissioners in the relevant zones have been instructed to officially lien.

## Bogus birth certificate of Bangladesh intruders; Surat Police nab two from UP

Agency News : Surat

The crime branch team has nabbed two individuals, including an advocate from Uttar Pradesh, in the Balrampur district. These two accused individuals provided a bogus birth certificate to a Bangladeshi living illegally in India, by charging him Rs. 3500. Additionally, the crime branch apprehended a man in Mumbai who was caught producing counterfeit Aadhaar and PAN cards. It was discovered that a fake birth certificate was used to create these false identification documents for Bangladeshi intruders.

## DSP and PSI booked for alleged suicide abetment of police van driver in Junagadh

Agency News : Junagadh

Around five months after a police van driver from Junagadh Police Training College (PTC) died by suicide, Vanthali deputy superintendent of police (DSP) Khushbu Kapadia and PSI Pravin Khachar have been charged with abetting the suicide and assault. The FIR against the accused cops was initiated after the deceased Brijesh Lavadiya's (45) son approached the Gujarat High Court, alleging foul play. Kapadia and Khachar are accused of abetment of suicide, assault, criminal intimidation, and other IPC sections. The investigation is being handled by DySP Nilam Goswami from Porbandar.

# INDIA INFRASPACE LIMITED

CIN: L45201GJ1995PLC024895
**Regd. Office:** 701, Sarap Building, Opp. Navjeevan Press, Ashram Road, Ahmedabad-380014, Gujarat, India.
**Phone:** 079-27544003, **Fax:** 079-27543815, **E-mail:** investorindiainfraspace@gmail.com

EXTRACT OF AUDITED/UNAUDITED CONSOLIDATED FINACIAL RESULTS FOR THE QUARTER ENDED 30th JUNE, 2023

**(Rs. in Lacs except per share data)**

| Sr. No. | Particulars | Quarter Ended | | | Year ended |
|---|---|---|---|---|---|
| | | 30/06/2023 Unaudited | 31/03/2023 Audited | 30/06/2022 Unaudited | 31.03.2023 (Audited) |
| 1. | Total Income From Operations | 1.88 | (0.30) | 80.00 | 83.70 |
| 2. | Net Profit for the period (before Tax, Exceptional and/or Extraordinary item) | 0.66 | (1.38) | 79.57 | 13.80 |
| 3. | Net Profit for the period before Tax (after Exceptional and/or Extraordinary item) | 0.66 | (83.13) | 79.57 | (67.95) |
| 4. | Net Profit for the period after Tax (after Exceptional and/or Extraordinary item) | 0.66 | (83.13) | 79.57 | (67.95) |
| 5. | Total Comprehensive income for the period [Comprising profit for the period (after tax) and other comprehensive Income (after tax) | 0.66 | (83.13) | 79.57 | (67.95) |
| 6. | Equity Share Capital | 280.00 | 280.00 | 280.00 | 280.00 |
| 7. | Earnings Per Share (of Rs.10/-each) (for continuing and discontinuing operations) | | | | |
| | 1. Basic | 0.02 | (2.97) | 2.84 | (2.43) |
| | 2. Diluted | 0.02 | (2.97) | 2.84 | (2.43) |

Notes:

1. The results were reviewed by the Audit Committee and approved by the Board of Directors at their meetings held on August 14, 2023.
2. Information on Standalone Financial Results are as follows:

(Rs. in Lacs except per share data)

| Particulars | 30/06/2023 Unaudited | 31/03/2023 Audited | 30/06/2022 Unaudited | 31.03.2023 (Audited) |
|---|---|---|---|---|
| Total Income (continuing operation) | 1.88 | (0.35) | 0.00 | 3.65 |
| Profit / (Loss) before tax from continuing operation | 0.66 | (5.64) | (1.00) | (2.12) |
| Profit / (Loss) after tax from continuing operation | 0.66 | (5.64) | (1.00) | (2.12) |
| Profit / (Loss) before tax from discontinued operation | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| Profit / (Loss) after tax from discontinued operation | 0.00 | 0.00 | 0.00 | 0.00 |

3. The above is an extract of the detailed format of the Standalone and Consolidated Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.The full format of the Standalone and Consolidated Financial Results are available on the websites of the Stock Exchange (www.bseindia.com) and on the Company's website (www.indiainfraspace.com)

Place: Ahmedabad
Date: 14thAugust, 2023

For, India Infraspace Limited
SD/-
Pradip Babulal Shah
Managing Director
DIN: 00297120

